# ભજન:૮

## રાગઃમાર દીયા જાય કે છોડ દીયા જાય

હે રામ તમે આવો ઘનશ્યામ તમે આવો
અરજી સુણીને રાધેશ્યામ તમે આવો...૨

મનના મંદિરમાં સાંથિયા પુર્યા છે
આસોપાલવના તોરણ બાંધ્યા છે...૨

હો...આવો આવો હરી....૨
આજે ભીડ પડી..ઘનશ્યામની રે...હે રામ..

તમે ભક્તોના બેલી કહેવાય છે
તમને બોલાવુ શાને ના આવો...૨

હો...મારુ કોઇ નથી....૨
જોયુ મથી મથી..ઘનશ્યામ રે...હે રામ..

નૈયા નરહરિ પાર ઉતારજો
તમે ગોંવિદ આવી સંભાળજો...૨

હો...મને જોઇ રહયો....૨
હું તો રોઇ રહયો..ઘનશ્યામને...હે રામ..